હે રંગ રસીયા, તારો રાહડો જોવાને ગામને છેવાડે બેઠા... ઓલી ગોકુળની ગોપીઓએ તારે હાટુ કામ બધા મેલ્યા હેઠા...

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૭ | ૧૭ ઓક્ટોબર, ૨૦૧૫, શનિવાર ; આસો સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




## ફટાફટ ન્યુઝ

- માર્ચના અંત સુધી ઓનલાઈન પીએફ ઉપાડ સુવિધા શરૂ થશે
- રેલી દરમિયાન જ લાલુ યાદવ ઉપર પંખો પડ્યો
- નિર્ભય ક્રૂઝ મિસાઈલ નિષ્ફળ રહેતાં ચિંતા ફેલાઈ
- નેસ્લે ટૂંકમાં ફરી ઈન્સટન્ટ નુડલ્સ બજારમાં રજુ કરશે
- ભારતમાં દાળની અછતથી આયાત વધુ કરાય તેવી વકી
- આધારકાર્ડ અંગે સુપ્રીમનો ચુકાદો સ્વાગતરૂપ : જેટલી
- બિહારમાં મોદી અને અમિત શાહના પોસ્ટર ઉતારી લીધા : સુચિત રેલીઓ પણ રદ

# બિહારમાં બીજા તબક્કામાં ૫૫ ટકા મતદાન

**બીજા તબક્કામાં પણ પુરુષ કરતા મહિલાઓ મતદાનમાં આગળ : ૫૭.૫ ટકા મહિલા, ૫૨.૫ ટકા પુરુષ મતદારો દ્વારા મતાધિકારનો ઉપયોગ કરાયો : કેમુર જિલ્લામાં સૌથી વધારે મતદાન : શાંતિપૂર્ણ મતદાનથી રાહત**



તસવીર : પરમ ક્રિએશન

પટણા, તા. ૧૬

બિહારમાં ૬ નક્સલવાદીગ્રસ્ત જિલ્લામાં આજે શાંતિપૂર્ણ માહોલમાં ૫૫ ટકા મતદાન થયું હતું. આ તબક્કામાં પુરુષો કરતાં મહિલાઓ મતદાન કરવામાં આગળ રહી હતી. બીજા તબક્કામાં મહિલાઓની મતદાનની ટકાવારી ૫૭.૫ ટકા અને પુરુષોની મતદાનની ટકાવારી ૫૨.૫ ટકા રહી હતી. નાયબ ચુંટણી અધિકારી ઉમેશ સિન્હાએ કહ્યું હતું કે, બીજા તબક્કામાં ૫૫ ટકા મતદાન થયું છે. સૌથી વધુ મતદાન કૈમુર જિલ્લામાં અને સૌથી ઓછું મતદાન ઔરંગાબાદમાં થયું છે. કૈમુરમાં ૫૭.૮૬ ટકા, રોહતાસમાં ૫૪.૬૬ ટકા, અરવલમાં ૫૩.૨૧ ટકા, જહાનાબાદમાં ૫૬.૪૯ ટકા, ઔરંગાબાદમાં ૫૨.૫૦ ટકા અને ગયામાં ૫૫.૫૪ ટકા મતદાન થયું છે. પ્રથમ તબક્કામાં પણ મહિલાઓ પુરુષો કરતા આગળ

● અનુસંધાન પાન-૭ પર

# કોલેજિયમ સિસ્ટમ યથાવત રહેશે

**કેન્દ્ર સરકારને મોટો ફટકો : સુપ્રીમ કોર્ટનો દૂરગામી ચુકાદો વર્તમાન કોલેજિયમ સિસ્ટમને સુધારવા ૩ નવેમ્બરે સુનાવણી**

નવી દિલ્હી,તા. ૧૬

દુરગામી પરિણામ આવે તેવા એક ઐતિહાસિક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટસમેન્ટ કમીશન (એનજેએસી)ને બંધારણીયરીતે અયોગ્ય ગણાવીને તેને ફગાવી દેતા કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો છે. જજની નિમણૂંકવાળા આ કમીશનની રચના ઓગષ્ટ ૨૦૧૪માં કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે હાલમાં જજની નિમણૂંક કોલેજિયમ સિસ્ટમ મારફતે જ કરવામાં આવશે. પાંચ જજની સુપ્રીમ કોર્ટની બેંચનું નેતૃત્વ જેએસ કેહર દ્વારા કરવામાં આવ્યું હતું. પાંચ જજની બેંચે ઠેરવ્યું હતું કે, એનજેએસી એક્ટ બંધારણના મૂળભૂત માળખાનો ભંગ કરે છે કારણકે ન્યાયતંત્રની સ્વતંત્રતામાં તે દરમિયાનગીરી કરે છે. કોર્ટે ઠેરવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ માટેના જજની નિમણૂંકની વ્યવસ્થા ૯૯માં બંધારણીય સુધારા પહેલાં બંધારણમાં કરવામાં આવેલી છે. ૯૯માં બંધારણીય સુધારા અને એનજેએસી એક્ટ ગેરબંધારણીય

● અનુસંધાન પાન-૭ પર

# આંગણવાડીઓને સ્માર્ટ અને ડીઝીટલ બનાવાશે

**સરકારે પાયલટ પ્રોજેક્ટ હાથ ધર્યો : આંગણવાડી બાળકને ખાનગી બાળ મંદિરોમાં ભણતા બાળકો સમકક્ષ સુવિધા**

અમદાવાદ, તા.૧૬

અમદાવાદની ૨૦૪૭ સહિત રાજયભરની ૫૨ હજાર આંગણવાડીઓમાં ભણતા નાના બાળકોનો ભૈતિક, શારિરિક, શૈક્ષણિક, સર્જનાત્મક અને રચનાત્મક વિકાસ થાય તે હેતુથી હવે આંગણવાડીઓને સ્માર્ટ બનાવવાની દિશામાં પાયલેટ પ્રોજેક્ટ રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. જેમાં સરકારી આંગણવાડીના બાળકોને ખાનગી બાળમંદિરોમાં અભ્યાસ કરતા બાળકો સમકક્ષ સુવિધાઓ પુરી પાડવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોને ખાનગી બાળમંદિરો સમકક્ષ ભૈતિક, અને શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તે માટે રાજય સરકારે ખાસ યોજનાં તૈયાર કરી છે. જે મુજબ આ આંગણવાડીઓને સ્માર્ટ આંગણવાડી તરીકે વિકસાવવામાં આવશે. રાજયભરમાં અત્યારે કુલ ૫૨ હજારથી વધુ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

● અનુસંધાન પાન-૭ પર










